**આશ્રમશાળા ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ની માન્યતા રદ થવાથી કે વર્ગો બંધ થવાથી ફાજલ થયેલ કર્મચારીઓને અન્ય આશ્રમશાળામાં સમાવવા બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક:બઠક/૨૦૧૫/મંત્રી-૬/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૧/૧૨/૨૦૧૬

## <u>વંચાણે લીધા</u> :-

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૦/૦૨/૨૦૧૬નો પત્ર ક્રમાંક: આવિ /આ.શા /૨/૨૦૧૫ફા.નં-૧૩૫૧(૨)/૨૦૧૫/૪૦૪

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૦/૦૮/૨૦૧૬નો પત્ર ક્રમાંક: આવિ /આ.શા /૨/ફા.નં-૧૯૮૨/૨૦૧૬/૧૬૫૧

(૩) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૮/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: આવિ /આ.શા /૨૦૧૬/૨૦૭૩

(૪) શિક્ષણ વિભાગનો તા.૨૩/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ

(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૪/૦૬/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૦૭/હા.કો-૧૮/ઘ

(૬) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૦૯/૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક: અમશ/૨૦૧૫/SCA-૧૫/ઘ

(૭) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૨/૦૧/૨૦૧૬નો સુધારા ઠરાવ ક્રમાંક: અમશ/૧૫૦૭/હા.કો-૧૮/ઘ

## <u>પ્રસ્તાવના</u> :-

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની રાજયમાં આવેલ આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં પુરતા વિદ્યાર્થીઓ ન મળવાના કારણે વર્ગો બંધ થતા સંચાલક સંસ્થા દ્વારા આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો વહીવટ યોગ્ય રીતે ન થવાના કારણે આશ્રમશાળાની કોઈ ગેરરીતિ સરકારશ્રીનાં ધ્યાને આવે તેવા સંજોગોમાં આશ્રમશાળા/ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની માન્યતા રદ કરવામાં આવતી હોય તેવી આશ્રમશાળા/ઉત્તર બુનિયાદી

આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફને રક્ષણ આપી અન્ય આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં સમાવવા માટે નિયમોમાં કોઈ જોગવાઈ નહોતી. કેટલાક કિસ્સાઓમાં સંચાલક સંસ્થાઓની ભૂલના કારણે આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા બંધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે કર્મચારીઓને વાંક ગુના વગર સહન કરવુ પડતું હોય છે.આદિજાતિ વિદ્યાર્થીઓના બહોળા શિક્ષણ હિતમાં અને આશ્રમશાળાના શિક્ષકોને સેવાઓ પેન્શનપાત્ર અને અન્ય તમામ લાભો સાથે જોડાયેલ સેવાઓ હોવાથી આવા કિસ્સાઓમાં સરકાર દ્વારા આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ રદ કરવાની થાય, વર્ગ ઘટાડો કરવાનો થાય તેવા સંજોગોમાં આવી આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ફરજ બજાવતાં કર્મચારીઓને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અન્ય આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ જયાં આ પ્રકારની જગ્યાઓ મંજુર થયેલી હોય અને ખાલી હોય તેના પર પુન: નિમણુંક આપી સમાવી લેવાની બાબત વિચારણા હેઠળ હતી. આવા કર્મચારીઓને અન્ય આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં સમાવવામાં આવે તે સરકારશ્રીનાં હિતમાં છે. તેમજ સરકારશ્રી પર વધારાનો કોઈ નાણાંકીય બોજ પડતો નથી. બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૦/૦૬/૧૯૯૮ થી તા.૩૧/૦૩/૨૦૧૬ સુધી નિમણુંક પામેલ શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવાનો નિર્ણય શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪)ના ઠરાવથી થયેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪)ના ઠરાવ તથા વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરવામાં આવેલ દરખાસ્તને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક ચાલતી અનુદાનિત આશ્રમશાળાઓ/ ઉત્તર બુનિયાદી / ઉચ્ચતર બુનિયાદી આશ્રમશાળાઓ બંધ થવાને કારણે કે વર્ગો બંધ થવાને કારણે આશ્રમશાળા /ઉત્તર બુનિયાદી આશ્રમશાળા /ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માંથી ફાજલ થતાં નીચેના પત્રકમાં દર્શાવ્યાં મુજબના કુલ-૩૭ શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓ અન્વયે જે શિક્ષકો હાલ કામગીરી કરે છે તેઓને અન્ય આશ્રમશાળા / ઉત્તર બુનિયાદી આશ્રમશાળા / ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં નિયમિત સમાવેશ કરવાનો રહેશે તથા જે આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની માન્યતા રદ કરેલ છે અથવા બંધ થવાનાં કારણે ફાજલ પડેલ શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને તૂટનો સમયગાળાનો કોઇ જ પગાર અથવા અન્યા ભથ્થાં તફાવત ચુકવવાના રહેશે નહીં. આ પ્રકારનાં કર્મચારીઓને જ્યારથી અન્ય આશ્રમશાળામાં

સમાવવામાં આવે ત્યારથી વેતન ચુકવવામાં આવશે તે મુજબની તેઓ પાસેથી યોગ્ય બાંહેધરી રૂ.૧૦૦/ના સ્ટેમ્પ પર એફીડેવીટ સ્વરૂપે મેળવવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધીન તા.૩૦/૦૬/૧૯૯૮ થી તા.૩૧/૦૩/૨૦૧૬ના સમયગાળા દરમ્યાન નિમણુંક પામેલ હોય તેવા કુલ-૩૭ શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને અન્ય આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમા સમાવવાની મંજુરી આપવામાં આવે છે:

| ક્રમ | કર્મચારીનુ નામ | હોદ્દો | આશ્રમશાળાનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ ડીમ્પલબેન છોટુભાઈ પટેલ | શિક્ષણ સહાયક | ઉ.બુ. આ.શા, ગોદાવાડી, તા.માંડવી, જિ.સુરત |
| ૨ | શ્રી મગનભાઈ ભાણાભાઈ રાઠોડ | મદદનીશ શિક્ષક | ઉ.બુ. આ.શા, ગોદાવાડી, તા.માંડવી, જિ.સુરત |
| ૩ | શશીકાંત એમ. પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, સિલ્ધા |
| ૪ | ગણપતસિંહ. એન.ડોડીયા | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, સિલ્ધા |
| ૫ | વનિતાબેન એફ. પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, સિલ્ધા |
| ૬ | રમણભાઇ એલ. જોગરા | કમાઠી | આશ્રમશાળા, સિલ્ધા |
| ૭ | જીવણભાઇ પી. ભોયા | રસોયા | આશ્રમશાળા, સિલ્ધા |
| ૮ | રસીકભાઇ. જે. પાડવી | મદદનીશ રસોયા | આશ્રમશાળા, સિલ્ધા |
| ૯ | દક્ષાબેન.એમ.પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, મોટી શરસણ |
| ૧૦ | ભરતભાઇ.જે. પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, દાસા |
| ૧૧ | રાજીવભાઇ.એલ.વણકર | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, નગરાળા |
| ૧૨ | નારણભાઇ.બી.પરમાર | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, પીપેરો |
| ૧૩ | કેશવભાઇ આર. ચૌહાણ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, દેવીરામપુરા |
| ૧૪ | રમણભાઇ આર.પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, આફવા |
| ૧૫ | ગીતાબેન આર. હઠીલા | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, આફવા |
| ૧૬ | પ્રતિભાબેન.વી.કુંભાણી | મદદનીશ શિક્ષક | ઉ.બુ. આશ્રમશાળા, રાજપરા |
| ૧૭ | સંગિતાબેન.સી.પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, સામરપાડા |
| ૧૮ | ચેતનાબેન.વી.પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, રતનપુર |
| ૧૯ | હર્ષવર્ધન.વી.પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, વલુણા |
| ૨૦ | રોહિતભાઇ.એસ. પટેલ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, પૃથ્વીપુરા |
| ૨૧ | રમીલાબેન.એમ.બરંડા | મદદનીશ શિક્ષક | ઉ.બુ. આશ્રમશાળા, ખિલોડા |
| ૨૨ | જશીબેન.એસ.વણકર | મદદનીશ શિક્ષક | ઉ.બુ. આશ્રમશાળા, વાદીયોલ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | મનીષાબેન.એલ.ડામોર | મદદનીશ શિક્ષક | ઉ.બુ. આશ્રમશાળા, વાલરણ |
| ૨૪ | ચંપકભાઇ.એમ.વણકર | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, ચીચોડ |
| ૨૫ | શીવસિંહ. એફ. ચાવડા | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, ચીચબા |
| ૨૬ | વ્રજેશકુમાર.પી.શાહ | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, રંગપુર સઢલી |
| ૨૭ | વિનુભાઇ.બી.પરમાર | મદદનીશ શિક્ષક | આશ્રમશાળા, પાવીજેતપુર |
| ૨૮ | ગુણવંતભાઈ બાબુભાઈ પટેલ | ઈ.ચા.આચાર્ય | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી, તા.પારડી, જિ.વલસાડ |
| ૨૯ | સુભાષભાઈ ઉત્તમભાઈ પટેલ | મદદનીશ શિક્ષક | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી, તા.પારડી, જિ.વલસાડ |
| ૩૦ | રોશનીબેન લલ્લુભાઈ પટેલ | મદદનીશ શિક્ષક | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી, તા.પારડી, જિ.વલસાડ |
| ૩૧ | રાજેન્દ્રભાઈ કનુભાઈ પરમાર | મદદનીશ શિક્ષક | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી, તા.પારડી, જિ.વલસાડ |
| ૩૨ | રવિન્દ્રભાઈ બાબુભાઈ પટેલ | ફીલ્ડ આસીસ્ટન્ટ | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી, તા.પારડી, જિ.વલસાડ |
| ૩૩ | પ્રકાશભાઈ ઠાકોરભાઈ ગામીત | જુ.કલાર્ક | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી, તા.પારડી, જિ.વલસાડ |
| ૩૪ | મનોજભાઇ.એસ.ડાકે | પટાવાળા | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી |
| ૩૫ | જયેશ.આર.પટેલ | કમાઠી | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી |
| ૩૬ | દિપકભાઇ.કે.પટેલ | રસોયા | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી |
| ૩૭ | દશરથભાઇ.આર.પટેલ | રસોયા | ઉ.બુ. આશ્રમશાળા, ડહેલી |

**શરતો:-**

(૧) જેઓની નિમણુંક તા.૩૦/૦૬/૧૯૯૮ થી તા.૩૧/૦૩/૨૦૧૬ના સમયગાળા દરમ્યાનની હોય તેવા ફાજલ શૈક્ષણિક/ બિનશૈક્ષણિક કર્મચારીઓને અન્ય આશ્રમશાળામાં સમાવવાના રહેશે.

(૨) આ સમયગાળા દરમ્યાન સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ વયનિવૃત્તિ થયેલ, મૃત્યુ પામેલ શિક્ષકોના કેસ (Reopen) કરવાના રહેશે નહી.

(3) શિક્ષક/કર્મચારીને સમાવવા બાબતે આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીનો આદેશ આખરી ગણવવામાં આવશે અને જો સબંધિત શિક્ષક/કર્મચારી તેને ફાળવેલ જગ્યા ઉપર નહિ જાય તો તેને નોકરીમાંથી છૂટા ગણવવામાં આવશે અને તેમની નોકરી ગમે તેટલા વર્ષની હોય તો પણ સદર શિક્ષક/ કર્મચારી પ્રાથમિક શાળામાં હોય તો તેઓને યોગ્ય વળતર આપીને છુટા કરવાના રહેશે.

માધ્યમિક શાળાના શિક્ષક/ કર્મચારીઓને પેન્શનના લાભો મળવાપાત્ર હોઇ તેઓના કેસ અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) સરકારના ઠરાવ કે પરીપત્રો કે અન્ય કોઇ પણ જગ્યાઓ ઉલ્લેખ કરવામાં આવ્યો હો તો પણ જે તે આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં બીજી કોઇપણ આશ્રમશાળામાં જગ્યા ના હોય તો કન્યા આશ્રમશાળામાં પણ પૂરૂષ કર્મચારીને ફાળવવામાં આવશે અને કન્યા આશ્રમશાળાએ સ્વીકારવાના રહેશે.

(૫) ફાળવવામાં આવેલ શિક્ષક/કર્મચારીને જો સંસ્થા-આશ્રમ શાળા દ્વારા હાજર કરવામાં ન આવે તો તેવા કિસ્સામાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચૂકવવો પડે તે ખર્ચ સંસ્થા-આશ્રમશાળાની ચૂકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી કાપી લેવામાં આવશે. જો આશ્રમશાળાને મદદનીશ શિક્ષકના પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી શાળાની નોંધણી રદ કરવા માટેની કાર્યવાહી આદિજાતિ વિકાસ કમિશનરશ્રીએ સંબંધિત મદદનીશ કમિશ્નરશ્રી, (આ.વિ)ના પરામર્શમાં કરવાની રહેશે.

(૬) ફાજલ શિક્ષકો/ કર્મચારીઓને પ્રથમ સંબંધિત જિલ્લામાં અને ત્યાં જગ્યા ન હોય તો નજીકના જીલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને તે પ્રમાણે પણ જગ્યા ન હોય તો રાજ્યના ગમે તે જીલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને ત્યાં જવુ તેને માટે ફરજીયાત રહેશે.

(૭) બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા નિયમોનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા ઉપર આધારિત છે. પરંતુ ગ્રંથપાલ, પ્રાયોગિક શિક્ષક/લેબ આસીસ્ટન્ટ કમ પટાવાળા જેવી ચોક્કસ જગ્યાઓ ભૌતિક સુવિધાઓ અને વર્ગોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ઉભી થાય છે. તે ધ્યાને લેતાં આવા કર્મચારીઓ માટે પણ ઉપર જણાવ્યા પ્રમાણેના નિયમો જ લાગુ પાડવાના થશે.

(૮) ઉપર્યુક્ત ૩૭ શિક્ષક/ કર્મચારીઓ પૈકીના કોઇ પણ શિક્ષક/ કર્મચારીઓ ફાળવણી વગર ફાજલ ન રહે અને કામગીરી વિના પગારની ચુકવણી ન કરવી પડે તેની તકેદારી તમામ મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ)ઓ એ રાખવાની રહેશે. આવા કોઇ કેસ સરકારના ધ્યાન પણ આવશે તો તે માટે સંબંધિત જિલ્લા મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ)ની અંગત જવાબદારી ગણાશે.

(૯) હાલમાં જે આશ્રમ શાળા ચાલુ છે તેમાં પણ શિક્ષણ વિભાગના અદ્યતન હુકમોને આધારે ઉપલબ્ધ વિદ્યાર્થીઓની સંખ્યા-વર્ગો અને જે તે વિષયના શિક્ષકના કામના ભારણને ધ્યાને લઈ આશ્રમશાળાઓ માટે વિદ્યાર્થી-વર્ગ-દીઠ શિક્ષક રેશીયો નક્કી કરવાનો રહેશે. ઉપર્યુક્ત ૩૭ પૈકીના શિક્ષક/ કર્મચારીઓથી ભરવાપાત્ર ખાલી જગ્યાઓ ભરવાની રહેશે. આ માપ દંડ મુજબ પ્રમાણે

વિચારણા કર્યા બાદ સામાન્ય રીતે જે તે વિષયના સૌથી જુનીયર શિક્ષક-કર્મચારીને અન્ય આશ્રમ શાળામાં સમાવેશ કરવાના રહેશે.

(૧૦) કોઇપણ આશ્રમશાળામાં શૈક્ષણિક/ બિન શૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઇન્ટ પ્રમાણે જે તે જગ્યાના અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોઇ અને જે તે વિષયના શિક્ષક-કર્મચારી આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી પાસે ઉપલબ્ધ હોય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ શિક્ષક/કર્મચારીથી તે જગ્યા ભરવાની રહેશે. અને રોસ્ટર પોઇન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(૧૧) આવા શિક્ષક/કર્મચારી જે આશ્રમ શાળામાંથી છૂટા થયેલ હોય તે આશ્રમશાળા શરૂ થયાને પાંચ વર્ષની અંદર બંધ થયેલ ન હોવી જોઈએ.

(૧૨) આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં વર્ગો બંધ થવાને કારણે શિક્ષક/કર્મચારી ફાજલ થાય તે શાળાને આવો વર્ગ બંધ થયા પછી પાંચ વર્ષ સુધી નવો વર્ગ કોઈ પણ સંજોગોમાં આપવામાં આવશે નહિં.

(૧૩) આ રીતે ફાજલ કરીને અન્ય આશ્રમશાળામાં સમાવવામાં આવેલ શિક્ષક/કર્મચારીને તે આશ્રમશાળાની પ્રવરતા યાદીમાં સૌથી નીચે મૂકવવામાં આવશે અને તેઓ સૌથી જુનીયર ગણાશે.

(૧૪) આશ્રમશાળાની શૈક્ષણિક કામગીરીને વિપરીત અસર ન થાય તે માટે, આશ્રમશાળાની સીનીયોરીટી મુજબ શિક્ષક કાર્યભારના માપદંડ પ્રમાણે જો પૂરતો કાર્યભાર સંભાળતા હશે તો તેમને શાળામાં ચાલુ રાખવાના રહેશે. પરંતુ, સીનીયોરીટી મુજબ સીનીયર હોવા છતાં જો પૂરતો કાર્યભાર ન ધરાવતા હોય તો તેમને અન્ય આશ્રમશાળામાં સમાવવા અંગે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૫) આ પ્રકારે શિક્ષક-કર્મચારીને અન્ય આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની ખાલી પડેલ જગ્યા ઉપર સમાવેશ કરતા અગાઉ જે આશ્રમશાળામાં સમાવવાના છે, તે આશ્રમશાળાની મંજુર થયેલ જગ્યાઓ પૈકીની ખાલી જગ્યાઓ ધ્યાને નહીં લેતાં શિક્ષણ વિભાગના અદ્યતન- વખતોવખતના હુકમો અનુસાર મળવાપાત્ર શિક્ષક-કર્મચારીની સંખ્યા ધ્યાને લઈ બાકી રહેતી ખાલી જગ્યાઓ ઉપર સમાવવાના રહેશે.

(૧૬) જે શિક્ષકો-કર્મચારીઓને અન્ય આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં સમાવવાપાત્ર હોય તેવા શિક્ષક-કર્મચારીઓને અન્ય આશ્રમશાળામાં સમાવવાની કામગીરી આદિજાતિ વિકાસ કમિશનરશ્રી, (ગુ.રા.) અથવા તેમના દ્વારા સત્તા આપવામાં આવેલ હોય તેવા તેમની કચેરીના અધિકારીશ્રી દ્વારા કરવાની રહેશે. વહીવટી વિભાગ હેઠળની અનુદાનિત આશ્રમશાળાઓ પૈકી જ્યાં શિક્ષકની-કર્મચારીઓની વધુ અછત હોય અને જેની

કારણે બાળકો-વિદ્યાર્થીઓના શિક્ષણને અસર થતી હોય તેવી આદિજાતિ વિસ્તારની અંતરીયાળ વિસ્તારની આશ્રમશાળાઓની જગ્યાઓ ભરવાને પ્રાથમિકતા આપવાને રહેશે.

(૧૭) જો અંતરીયાળ વિસ્તારની આશ્રમશાળાઓમાં પૂરતી સંખ્યામાં શિક્ષક ઉપલબ્ધ હોય તો જે તે આશ્રમ શાળામાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિકમાં અન્ય જગ્યા હોય તો તેમાં જ પ્રથમ સમાવવાના રહેશે. જો તે આશ્રમશાળામાં જગ્યા ન હોય તો પ્રથમ સંબંધિત તાલુકામાં પછી નજીકના તાલુકામાં અથવા પછી જિલ્લામાં અન્ય ખાલી જગ્યામાં મૂકવા. પરંતુ, જે આશ્રમશાળામાં સમાવવાના છે તે આશ્રમશાળાની મંજુર થયેલ જગ્યાઓ પૈકીની ખાલી જગ્યાઓ ધ્યાને નહીં લેતાં ઉપર શરત ક્ર:૯માં જણાવ્યા અનુસાર કાર્યભારને આધારે ભરવાપાત્ર જગ્યા ઉપર સમાવવાના રહેશે.

(૧૮) ઉચ્ચતર માધ્યમિક શિક્ષક તરીકેની લાયકાત ધરાવતાં હોય અથવા સાત(૭) વર્ષ કે તેથી વધુ વર્ષ શૈક્ષણિક અનુભવ ધરાવતાં હોય તેવા માધ્યમિક શિક્ષકને અન્ય આશ્રમશાળામાં સમાવવાના થતાં હોય અને તે શિક્ષક જો તેમને મળતાં પગાર અને પગાર ધોરણમાં કામ કરવાની બાહેંધરી આપે તો તેવા શિક્ષકને શૈક્ષણિક લાયકાતના વિષયને અનુરૂપ તે જ આશ્રમશાળામાં અથવા અન્ય આશ્રમશાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં માપદંડ- વર્ગભાર પ્રમાણે ઉપલબ્ધ ખાલી જગ્યા સામે સમાવેશ કરી શકાશે. પરંતુ તેને આધારે તેઓ દ્વારા ઊંચા પગાર ભથ્થાની માંગણી કરવામાં આવશે નહીં તે મુજબની લેખિત (એફીડેવીટ)માં બાહેંધરી લેવાની રહેશે.

(૧૯) આશ્રમશાળામાં ફરજ બજાવતાં શિક્ષક જેવા કે ચિત્રકામ, સંગીત અને ઉદ્યોગ જેવા વિષયના શિક્ષક અને તેમના વિષયને અનુરૂપ અન્યઅનુદાનિત આશ્રમશાળાઓમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આવા શિક્ષકોને ગ્રંથપાલ તેમજ કારકૂન સંવર્ગની બિન શૈક્ષણિકની જગ્યાઓમાં તેમને મળતાંપગાર અને પગાર ધોરણમાં રક્ષણ આપીને સમાવેશ કરી શકાશે. ભવિષ્યમાં આ પ્રકારની ખાસ વિષયની ખાલી પડતી કે નવી ઉભી થયેલી જગ્યાઓ પર નવી ભરતી ન કરતા બિનશૈક્ષણિક જગ્યાઓ પર કામગીરી કરતાં આવા શિક્ષકોથી જ ભરવાની રહેશે.

(૨૦) કોઈ પણ સંજોગોમાં આવા શિક્ષક-કર્મચારીઓને સરકારી કચેરીઓમાં સમાવી શકાશે નહીં કે લોનસેવા તરીકે પણ સમાવી શકાશે નહીં.

(૨૧) આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા વર્ગ બંધ થવાને કારણે અન્ય આશ્રમશાળામાં સમાવવાપાત્ર થતા શિક્ષક-કર્મચારીને જે તે આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના બંધ થયાના ત્રણ માસમાં અન્ય આશ્રમશાળા/ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા/ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં

સમાવવાના રહેશે.આ અંગે આશ્રમશાળાઓના બાળકોના શિક્ષણના હિતને તથા જાહેરનાણાનો દુર્વ્યય ના થાય તે માટે તાત્કાલિક કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

(૨૨) આ જોગવાઈને કારણે આશ્રમશાળાઓનું સંચાલન કરતી સંસ્થાઓનું આશ્રમશાળા બંધ કરવા તરફી વલણ ન થઈ જાય તે માટે જરૂરી પગલા લેવાની જવાબદારી કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની રહેશે.

(૨૩) શિક્ષણ વિભાગ દ્વારા આયોજવામાં આવતાં ગુણોત્સવ કાર્યક્રમની જેમ વહીવટી વિભાગ હેઠળની આશ્રમશાળાઓમાં આપવામાં આવતાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સંસ્થાનું નિરીક્ષણ-ઈન્સ્પેકશન કરી મૂલ્યાંકન કરવાનું રહેશે અને મૂલ્યાંકનને આધારે તેમજ પરિણામ આધારિત અનુદાન નીતિનો અમલ કરવાનો રહેશે.

(૨૪) કમાઠીની જગ્યાનાં કિસ્સામાં આ જગ્યાની સમકક્ષ પટાવાળાની જગ્યા પર સમાવી પટાવાળા તરીકેની કામગીરી કરાવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મુખ્યમંત્રીશ્રીની પૃ.૪૩/નોં.વિ. પરની નોંધથી મળેલ મંજુરી તથા સરકારશ્રીની તા.૦૫/૧૨/૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
**નાયબ સચિવ**
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. **(પત્ર દ્વારા)**
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

D:\gh-3-\G.R.2016-17\bteh.2015.faja.Gr.docx

- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ.
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રીઓ (આ.વિ)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.